શ્રી ચમોસ સુરતના પ્રમુખપદે થામણાના નવલ પટેલની વરણી

થામણાના વતની નવલભાઇ પટેલની સુરત લેઉઆ પાટીદાર સમાજના પ્રમુખ તરીકે સતત ૧૫ મા વર્ષે બિનહરીફ વરણી થતાં સમાજના આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
(તસવીર : ગની આર. વહોરા, ઉમરેઠ)

ઉમરેઠ, તા. ૫

સુરતમાં રહેતા ચરોતર લેઉઆ પાટીદારના કુટુંબો દ્વારા શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સમાજનો સ્નેહ મિલન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. જેમાં થામણાના વતની છેલ્લા ૨૦૦૫ થી સતત સેવા આપી રહ્યા છે તેવા નવલભાઇ પટેલની આ સ્નેહ મિલનમાં ૨૦૧૯ ૨૦૨૦ ના વર્ષ માટે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૫ ના વર્ષથી સતત ૧૫ વર્ષ સુધી તેમની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થાય છે. તદઉપરાંત તેઓ ભાજપની સુરતની મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર તરીકે પણ રહી ચૂક્યા છે.

તેવા થામણાના વતની નવલભાઇ પટેલની પાટીદાર સમાજ સુરતના પ્રમુખ તરીકે સતત ૧૫ વર્ષથી વરણી થવા બદલ થામણા ગામની સિનિયર સિટીઝન ફોરમ તથા ગામની જનતાએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

વસો તાલુકા સેવા સદનમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હર્ષદભાઇ પરમારની બદલી કલેક્ટર કચેરી નડિયાદ ખાતે થતાં તેઓના સત્કાર સમારોહ વસો મામલતદાર એ.ટી.રાઠોડના પ્રમુખ સ્થાને કર્મચારીઓના સહયોગથી ઐતિહાસિક સ્થળ રામસરોવર ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે નાયબ મામલતદાર રાજુભાઇ વાઘેલા ના.મા. શૈલેષભાઇ પ્રજાપતિ, ના.મા. પંકજભાઇ કાછીયા તેમજ કર્મચારી સ્ટાફ ઉપસ્થિત રહી સન્માનિત કર્યા હતા.
(તસવીર : ઘનશ્યામ કાછીયા, વસો)

આણંદ જિલ્લા ટ્રાફિક વ્યવસ્થામાં જીઆરડીના નવા ૭૭ જવાનોની ભરતી

આણંદ, તા. ૫

આણંદ શહેર અને જિલ્લામાં ટ્રાફિક પાર્કીંગની સમસ્યા વધુ વિકટ બની રહી છે જેના નિવારણ માટે જિલ્લા વહીવટી તંત્ર, ટ્રાફિક સમિતિ દ્વારા સતત પ્રયત્નો કરાઇ રહ્યા છે. તાજેતરમાં આણંદ શહેર અને જિલ્લામાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ખાલી પડેલ જીઆરડી (ટ્રાફિક બ્રિગેડ)ની ૭૭ જગ્યાઓની ભરતી જિલ્લા ટ્રાફિક સમિતિના ઉપપ્રમુખ ધીરૂભાઇ પટેલ તથા સમિતિના પ્રયત્નોથી કરાઇ છે.

આ અંગે જાણવા મળ્યા મુજબ આણંદ શહેર અને જિલ્લામાં ટ્રાફિકની સમસ્યા ખૂબ વિકરાળ બનતી જાય છે. શહેર અને જિલ્લામાં ક્રોસ પોઇન્ટ પર ખડે પગે ટ્રાફિક નિયમન કરી શકે તેવા સ્ટાફની સતત જરૂર રહે છે. ટ્રાફિકના કર્મીઓની ઘટ સામે જીઆરડીના જવાનો સેવા બજાવે છે. જેમાં હાલ જિલ્લામાં ૭૭ ખાલી પડેલ જગ્યા માટે ટ્રાફિક સમિતિના ઉપપ્રમુખ ધીરૂભાઇ પટેલ (રામા બિલ્ડર્સવાળા) જિલ્લા પોલીસ અધિક્ષક મકરંદ ચૌહાણ, ટ્રાફિક પોસઇ બેન એન. બી. ઝાલાના પ્રયત્નોથી જટિલ પ્રક્રિયા પૂર્ણ કરી નવા જવાનોની ભરતી કરેલ છે. જેઓની હાલ ટ્રેનીંગ પણ શરૂ થઇ ગઇ છે. ટૂંક સમયમાં આ જવાનો કામે લાગતાં ટ્રાફિક નિયમન સુચારૂ બનશે.

આ ઉપરાંત ધીરૂભાઇ પટેલે જણાવ્યું હતું કે શહેરના ભાલેજ રોડ પર અને એપીસી વિદ્યાનગર રોડ પર વધારાના જીઆરડી જવાનો મુકી દેવાયા છે જેથી પ્રાઇમ ટાઇમમાં હવે વાહનોનો ભરાવો રોડ પર થશે નહીં અને નિયમન થતાં રસ્તા પર વાહનોની અવર જવર હળવી બનશે.

વિશ્વ એઇડસ દિન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



આણંદ, તા. ૫

ડૉ. આઇ.પી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ ટેકનોલોજી એન્ડ રીસર્ચ દ્વારા વિશ્વ એઇડસ દિન નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ડૉ. આઇ. પી. પટેલ ઇન્સ્ટીટયુટના ડીએમએલટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની મેકવીના દાંડીવાલા અને એમએસસી પાર્ટ બે માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઝીલ મહીવાલાએ વિદ્યાર્થીઓને એઇડસ વિષય પર વકતવ્ય આપીને જાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો હતો. કોલેજના આચાર્યા ડૉ. મેઘના પટેલ દ્વારા વિદ્યાર્થીઓને એઇડસથી થતા ગેરફાયદાઓ અંગે જાણકારી અપાઇ હતી. સંસ્થાના પ્રમુખ બીપીનચંદ્ર પી. પટેલ (વકીલ)એ એઇડસ દિનને હવે સ્વસ્થ દિન તરીકે પણ ઓળખવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

વડાપ્રધાને સફળ પ્રક્ષેપણ પર ઈસરોને અભિનંદન પાઠવ્યાં

નવીદિલ્હી,તા.૫

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જીસેટ-૧૧નાં સફળ પ્રક્ષેપણ પર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા – ઈસરોને અભિનંદન પાઠવ્યાં છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, “આપણાં અંતરિક્ષ કાર્યક્રમોમાં આ પ્રક્ષેપણ સીમાચિહ્નરૂપ છે, જે અંતરિયાળ વિસ્તારોને જોડીને કરોડો ભારતીયોનું જીવન પરિવર્તન કરશે.

નડીઆદ બ્રહ્મર્ષિ સંસ્કારધામના ૮ વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની સંસ્કૃત સ્પર્ધામાં મેડલ મેળવ્યા

(બ્યુરો) નડીઆદ, તા. ૫

નડીઆદ બ્રહ્મર્ષિ સંસ્કારધામ સંચાલિત બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના આઠ વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલ રાજ્ય કક્ષાની સંસ્કૃત શાસ્ત્રોની સ્પર્ધામાં વિવિધ વિષયમાં ગોલ્ડ, સિલ્વર તેમજ બ્રોન્ઝ મેડલ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યકક્ષાની સંસ્કૃત શાસ્ત્રોની સ્પર્ધા આયોજીત કરાઇ હતી. જેમાં નડીઆદના શ્રીમતી સંસ્કારધામ સંચાલિત બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સંસ્કૃત શાસ્ત્રોના વિવિધ વિષયની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં મહાવિદ્યાલયના જોષી સહદેવે સાહિત્ય ભાષણ વિષયમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ મેળવવાની સાથે ઉપાધ્યાય આદિત્ય એમ. એ કંઠ પાઠમાં જોષી શિવમ વ્યાસે અંતાક્ષરીમાં, રાવલ ધ્રુવ એમ એ સંસ્કૃત ક્વીઝમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ મેળવવાની સાથે પંડયા જીત એ સંસ્કૃત ક્વીઝમાં ગોલ્ડ મેડલ આશ્વાસન ઈનામ રૂપે હાંસલ કર્યો હતો. જ્યારે જોષી સહદેવ પી.એ કાવ્ય રચના તેમજ અંતાક્ષરીમાં સિલ્વર મેડલ મેળવવાની સાથે જોષી શિવમ વાયએ પણ વ્યાકરણ ભાષણમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.

તદઉપરાંત સંસ્થાના રાજગોર વિશાલએ ન્યાપશલાકામાં અને વ્યાસ કુંજન પીએ ધાતુપાઠમાં તૃતિય ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. આના પગલે જોષી સહદેવ, ઉપાધ્યાય આદિત્ય, જોષી શિવમ, રાવલ ધ્રુવ, પંડયા જીત સહિતના આગામી દિવસોમાં યોજાનાર ઓલ ઈન્ડીયા સંસ્કૃત કોમ્પીટીશનમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

શ્રી કેળવણી મંડળ શાહપુર સંચાલિત પી.એમ.પટેલ હાઇસ્કુલ તથા એમ.એમ.પટેલ પ્રાથમિક શાળાના તમામ બાળકોને યુએસએ સ્થિત અને શાહપુરના વતની ઈશ્વરભાઈ મહીજીભાઈ પટેલ તથા જયેશભાઈ ઈશ્વરભાઈ પટેલ પરીવાર દ્વારા સ્નેહ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ ખોડાભાઈ પટેલ તથા શાળાના આચાર્ય કમલેશભાઈ પટેલે દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

ડભાણના પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે શ્રી હનુમાન ચરિત્ર ચાલીસા સપ્તાહ પારાયણ

આણંદ, તા. ૫

ભગવાન સ્વામિનારાયણ ના ચરણોથી પાવન થયેલ ભૂમી ડભાણધામ આ ડભાણધામના પડખામાં આવેલ શ્રી સ્વામીનારાયણ સંતયોગાશ્રમ માં પ્રસ્થાતિ શ્રી ઘનશ્યામ મહારાજો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવશે. સાથો સાથ શ્રી હનુમાન ચરિત્ર ચાલીસા કથા તેમજ નવનિર્મિત નૂતન ગૌશાળાનું ઉદ્દઘાટન શ્રી હરિયાગ, મારૂતિયજ્ઞ, જનમંગલ પુરશ્ચરણ યજ્ઞ તથા સમુહ મહાપુજાનું પણ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૧. ૧૨. ૨૦૧૮ થી ૧૭. ૧૨. ૨૦૧૮ દરમ્યાન ઉત્સવ ઉજવાશે. કથાનો સમય દૈનિક સાંજના ૪ થી ૭ રહેશે. તા. ૧૪. ૧૨. ૨૦૧૮ના પ્રાતઃ ૭ થી ૯ ઘનશ્યામ મહારાજનો અભિષેક ષોડશોપચાર પૂજન સહિત કરવામાં આવશે. કથાના વક્તા પદે અ.નિ પુરાણિ સ્વામીશ્રી જગતપ્રકાશદાસજીના શિષ્ય શાન્તિપ્રિયદાસજી બિરાજશે.

ખોવાયેલ છે

વિદ્યાનગર મનીષ કોર્નર પાસે પર્સ ખોવાયેલ છે. જેમાં પાનકાર્ડ, આધારકાર્ડ, કારની આર. સી. બુક તથા ડ્રાઈવિંગ લાયસન્સ તમામ ઓરીજીનલ ખોવાયેલ છે. જેને મળે તે નીચેના કોન્ટેક્ટ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

મો. નંબર : ૯૪૨૬૧૭૭૫૭૪
૮૪૬૯૬૧૫૧૩૨

ટાઈટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે મોજે ગામ: આણંદ, તા.જી. આણંદના સીટી ટીકા નં.૪ સીટી સર્વે નં.૩૯૦ જેનું ક્ષેત્રફળ ૨૨.૫૭૫૫ ચો.મી. વાળી જમીન તથા તેમાં આવેલ મકાન જેનો મ્યુનિસિપલ નં.૯/૧/૪૬ વાળી મિલકત જીતેન્દ્રકુમાર બાબુભાઈ વાઘેલા ઠે.કોટવાળો દરવાજો, આણંદનાઓની માલીકી કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલકત અમારા અસીલે રજી.વેચાણ દસ્તાવેજ નં.૬૪૪૨થી તા.૨૪/૧૨/૨૦૦૪ના રોજ વેચાણ રાખેલ છે.

જેથી મજકુર મિલકત સીન્ડીકેટ બેંકમાંથી લોન મેળવવાના કામે તારણમાં મુકવાની હોય તે અંગે અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો તે સંદર્ભમાં જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત કે તેના કોઈપણ ભાગ ઉપર અન્ય કોઈનો, કોઈપણ નાણાંકીય સંસ્થા, બેંક, કોર્પોરેશન, કંપની, પેઢી, સંસ્થા કે કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, કબજો, ભોગવટો, ભાગીદારી, દાવો, ઈલાખો, બોજો, ગીરો, લીયન, જામીનગીરી, ચાર્જ આવેલ હોય કે લીઝ/લાયસન્સ કે બાનાખત કે ડેવલોપમેન્ટના હક્ક હોય કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોષતા હોય તો તેઓએ આ અંગેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં અમોને નીચેના સરનામે દસ્તાવેજી પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી અને જો તેમ નહીં કરવામાં આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો ઉપર જણાવ્યા મુજબનો હક, દાવો, હિત સંબંધ સદર મિલકતમાં નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની ટાઈટલ કલીયર હોવાનું સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૫/૧૨/૨૦૧૮
સ્થળ : આણંદ

મારી મારફતે : **ઘનશ્યામભાઈ મોહનભાઈ પટેલ (એડવોકેટ-સારસાવાળા)**
બી/૧૩, પારસમણી બંગ્લોઝ, કિષ્ના પાર્ટી પ્લોટની સામે, વિધોરા, તા.જી.આણંદ. મો. : ૯૯૨૪૩ ૪૪૨૪૯

જાહેર નોટીસ

આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

મોજે ગામ **આણંદ**, તા.જી. આણંદની સીમના **રેવન્યુ સર્વે નંબર: ૧૧૬૧/અ/૧**, જેનું કુલ ક્ષેત્રફળ **હેક. ૦–૧૯–૨૨** આરે બીનખેતીલાયક જમીનના માલિકો **(૧) દિલીપકુમાર રાવજીભાઈ પટેલ, (૨) જયેશકુમાર રાવજીભાઈ પટેલ,(૩) સંદિપકુમાર રાવજીભાઈ પટેલ**, તમામ રહેવાસી મુ.પો. આણંદ, તા. જી. આણંદનાઓએ પોતાની માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી અને સંપૂર્ણ ટાઈટલ કલીયર છે અને રેકર્ડ ઓફ રાઈટસમાં તેમના નામે ચાલે છે તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ જેથી સદર મિલકત અંગે અન્ય કોઈને કોઈ હકક દાવો, લાગભાગ કે ખોરાકી–પોષાકીનો લીયનનો હકક પોષતો હોય કે ગીરો હકક, ગણોત હકક, બાનાખત, કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો બોજો હોય અથવા કોઈ પણ જાતનો અધિકાર હોય કે તકરાર હોય તો અથવા કોઈ પણ પ્રકારનો વેચાણ કરાર કે અન્ય પ્રકારે ચાર્જ કે બોજામાં અથવા તે સંબંધી વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૧૫** (પંદર) માં દસ્તાવેજી પુરાવા સાથે લેખિત વાંધો અમોને નીચેના સરનામે આપવો અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈનો કશી પ્રકારે હકક, દાવો કે વાંધો તે મિલકત માટે નથી અને હકક હોય તો તે વેવ કરેલા છે તેમ માનીને અમો સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું તેમજ અમારા અસીલ સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૧૨/૨૦૧૮
સ્થળ : આણંદ.

મારી મારફતે : **યોગેશ દરજી એન્ડ કં. (યોગેશ એમ. દરજી-એડવોકેટ)**
કે.એફ/૧૨૨, નિલકંઠ સ્કવેર, નવા જીલ્લા સેવા સદન સામે, ગણેશ ચોકડી પાસે,
આણંદ, તા.જિ.આણંદ. મો.નં. ૯૮૨૫૪૨૮૫૫૦ Email : ydarji88@gmail.com

પેટલાદ નગરપાલિકા, પેટલાદ
જાહેર આખરી નોટીસ

આથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી જે મિલકતોનાં રૂ.૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમના વેરા બાકી છે તેવી મિલકતોના મિલકત ધારકોને ધી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એક્ટ ૧૯૬૩ની કલમ ૧૩૩ મુજબ વખતો વખત નોટીસ આપી વેરા ભરપાઈ કરવા જણાવેલ છે. તેમ છતાં આજની તારીખે ચાલુ વર્ષની ચઢતી નોટીસની રકમ સિવાય જે તે મિલકતની બાકી રહેતી રકમ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૭માં તા.૧૨/૧૨/૨૦૧૮ સુધીમાં ભરપાઈ કરવા તાકીદ કરવામાં આવે છે. જો તેમ કરવામાં કસૂર થશે તો તા.૧૩/૧૨/૨૦૧૮ના રોજ વર્તમાન પત્રમાં બાકીદારોના નામ સાથેની યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. ત્યારબાદ તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય જે તે મિલકતને સીલ કરવામાં આવશે. તેમ છતાં સીલ માર્યા બાદ દિન ૧૫માં વેરા ભરપાઈ કરવામાં નહીં આવે તો તેવી જે તે મિલકતની ધી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એક્ટ ૧૯૬૩ની કલમ ૧૩૪ મુજબ મિલકતની જાહેર હરાજી કરી વેરો વસુલ કરવાની ફરજ પડશે. જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

પેટલાદ નગરપાલિકા, પેટલાદ
તા.૫/૧૨/૨૦૧૮ જા.નં. : પી.એમ.પી./ટેક્સ/૧૨૦૦/૨૦૧૮-૧૯

સહી/-	સહી/-
હિરલ ઠાકર	વિઠ્ઠલભાઈ આર. પટેલ
ચીફ ઓફીસર	પ્રમુખ
પેટલાદ નગરપાલિકા	પેટલાદ નગરપાલિકા

જાહેર નોટીસ

અમો એડવોકેટશ્રી રજનીકાંત સૂર્યકાંત પટેલ, ઠે.નવયુગ સ્ટુડીયોની પાછળ, સ્ટેશન રોડ, આણંદના તે અમારા અસીલ ઘનશ્યામભાઈ સોમાભાઈ પટેલની સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવીએ છીએ કે :

મોજે ગામ નાપાડ તળપદા તા.આણંદની સીમના સર્વે નં.૧૮૩ વાળી મિલ્કતનું કુલ ક્ષેત્રફળ ૨૯ ગુંઠા તથા ૬૯ ગુંઠા છે. તે પૈકીની ૨૫ ગુંઠામાં તમાકુની ખરી આવેલ છે. અને તેમાં અમારા અસીલ તમાકુનો ધંધો કરે છે. અને બાકીની જમીન જે ખેતીલાયક છે તેમાં તમાકુની ખેતી કરે છે. ઉપરોક્ત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો અમારા અસીલનો છે. તેમ છતાં મધુબેન રાજેન્દ્રભાઈ પટેલ તથા તેમના વારસદારો આણંદના મે.સીવીલ જજ સાહેબની કોર્ટમાં કો.મુ.નં.૧૦૧/૯૬નો દાવો કરી ઉપરોક્ત મિલ્કતના તેઓ સ્વતંત્ર માલીક છે અને કબજેદાર છે તેવું ઠેરવવા અમારા અસીલો પાસેથી કબજો પરત મેળવવા દાવો કરેલો છે. જે ના.કોર્ટે તા.૨૯/૧૨/૧૬ ના રોજ દાવો રદ કરેલો. તેમ છતાં સદર મધુબેન રાજેન્દ્રભાઈ પટેલ તથા તેમના વારસદારો ઉપરોક્ત મિલ્કત વેચાણ કરવા પ્રયત્ન કરે છે. જેના તેઓ એકલા માલીક નથી. જેથી આ નોટીસથી જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે, કોઈએ ઉપરોક્ત મિલ્કત ખરીદવી નહી તેમ છતાં જે કોઈ આ મિલ્કત ખરીદશે તેમને માલીકી હક્ક તથા કબજો મળશે નહી. તેમ છતાં જો ખરીદશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેમની રહેશે.

તા. /૧૨/૧૮

રજનીકાંત સૂર્યકાંત પટેલ (એડવોકેટ)
નવયુગ સ્ટુડીયો પાછળ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧. મો.૭૬૦૦૬૬૭૪૬૭

જાહેર નોટીસ/કહ્યામાં નથી



અમો નીચે સહી કરનાર ભાઈલાલભાઈ મોતીભાઈ ભોઈ ઉ.વ.આ.૫૫ ધંધો-નોકરી, રહે. વિદ્યાનગર, ઠાકોરજી નગર, એકતા પરિવાર, તા.જી. આણંદનાઓ તે અમારા અસીલની સુચના અને ફરમાઈશથી અમો અરજદાર ઉપરોક્ત સરનામે અમારા કુટુંબ કબીલા સાથે રહીએ છીએ. અમારા દિકરા નામે (૧) રોહિતભાઈ ભાઈલાલભાઈ ભોઈ (રાજપૂત) તથા (૨) દિનેશભાઈ ભાઈલાલભાઈ ભોઈ રહે.વિદ્યાનગર નાઓ અમારી મોજે ગામ વિદ્યાનગર, આણંદ નગરપાલિકા, આણંદની મિલકત નંબર ૧૨/૧૪/૮૯/ ૧૫૯ જેનો પ્લોટ નં.૧૪૧ અમારી સ્વતંત્ર કબજા ભોગવટાવાળી નામવાળી, તેમજ લાઈટ કનેકશનવાળું મીટર આવેલ હોઈ અમારા દીકરાઓ અમારી મિલકતમાં બીજાઓની ખોટી ચઢવણીથી માનસિક અને શારિરીક ત્રાસ આપે છે અને અમારી મિલકતમાં આવેલ લાઈટ કનેકશનને નુકસાન થાય તે રીતે ગેરવર્તણૂંક તેમજ માનહાની થાય તેમ હોવાથી અમારી મિલકતમાં અમારા બન્ને દિકરાઓનું ફારેગ (બેદખલ) કરેલ હોય અમારી મિલકતમાં કોઈપણ જાતની લેવડ-દેવડ નાણાંકીય વ્યવહાર કરે કરાવે તો અમારી કોઈ જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૫/૧૨/૨૦૧૮
સ્થળ : આણંદ

અસીલની સુચના અને ફરમાઈશથી
સહી/- ભોઈ ભાઈલાલ મોતીભાઈ

મારી મારફતે : **અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ (એડવોકેટ)**
કુંજ, મુ.રાસનોલ.

માર્ગ અને મકાન પંચાયત વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ
જાહેર નિવિદા ક્રમાંક-૧૦/૨૦૧૮-૧૯

માર્ગ અને મકાન પંચાયત વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ ફોન નંબર ૦૨૬૮-૨૫૫૭૬૪૦ દ્વારા ખેડા જિલ્લા જુદા જુદા રસ્તા ઉપર જંકશન બોર્ડ અને વિલેજ નેઈમ બોર્ડ બનાવી ફીટીંગ કરી આપવાના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમ હેઠળ ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના ઓથોરાઈઝ ડીલર/મેન્યુફેક્ચરર પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરથી ટેન્ડરો માંગવામાં આવે છે. જેની અંદાજી રકમ રૂા.૩.૧૦ લાખ થવા જાય છે. ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી.આર. અથવા બાનામુક્તિ પ્રમાણપત્ર, રજીસ્ટ્રેશન, કેટેગરી, બેંક સોલવન્સી, ડીલર સર્ટીફીકેટ, ક્વોલીફીકેશન વોરંટી સર્ટીફીકેટ, ટેસ્ટ રીપોર્ટ, ટર્ન ઓવર સર્ટીફીકેટ જેવા તમામ સપોર્ટીંગ ડોક્યુમેન્ટ્સ સહિત બીડ સબમીશન સાથે ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરવાના રહેશે. આવા સ્કેન થયેલા જ ટેન્ડર ખોલવામાં આવશે. ટેન્ડરની વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા ઓનલાઈન ટેન્ડરની વેબસાઈટ www.nprocure.com પર જોવા મળશે.

(૧) બાનાની રકમ માટે રજુ કરેલ રાષ્ટ્રીયકૃત/શિડ્યુલ બેંકની એફ.ડી.આર. ઓછામાં ઓછા ૧૮૦ દિવસની રજુ કરવાની રહેશે. (૨) ટેન્ડર કલોઝની જોગવાઈ અનુસાર કામની અંદાજી રકમના ૨૦ ટકા જેટલી રકમની રાષ્ટ્રીયકૃત બેંકની બેંક સોલ્વન્સી રજુ કરવાની રહેશે. (૩) દરેક ડોક્યુમેન્ટ્સની હાર્ડ કોપી તથા ટેન્ડર ફીનો ડી.ડી./એફ.ડી.આર. ફક્ત આર.પી.એ.ડી.થી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદની કચેરીએ નીચે દર્શાવેલ તારીખ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

વિગત	તારીખ
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ	તા.૨૦/૧૨/૨૦૧૮ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ્સ ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી રજૂ કરવાની છેલ્લી તારીખ	તા.૨૭/૧૨/૧૮ સુધી ફક્ત આરપીએડી/સ્પીડ પોસ્ટ દ્વારા ૧૬.૦૦ કલાક સુધી
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) ફાઈનાન્સીયલ બીડ	તા.૨૧/૧૨/૧૮ ૧૨.૦૦ કલાકે

ફોન નંબર (૦૨૬૮) ૨૫૫૭૬૪૦
નામનિ/નડી-૪૮૨/૧૮-૧૯

સહી/- અવાચ્ય કાર્યપાલક ઈજનેર

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર મુકેશ સી. જેઠવા, એડવોકેટ એન્ડ નોટરી, રહે.આણંદના તે આ જાહેર જનતા જોગ નોટીસ આપી જણાવીએ છીએ કે :-

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ આણંદ તાલુકે આણંદના મોજે ગામ વલ્લભ વિદ્યાનગરના સીટી સરવે નં.૧૭૭૮/અ જેનું ક્ષેત્રફળ ૪૨૨.૩૯ ચો.મી. જેનો સત્તા પ્રકાર સી, જેનો શીટ નં.૧૪ વાળી મિલકત અમારા અસીલે તેના મૂળ માલીક કાન્તીભાઈ ચતુરભાઈના કુ.મુ. રમેશભાઈ રાવજીભાઈ પાસેથી સૂર્યકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ, શશીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ અને રાજેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ પટેલનાઓએ વેચાણ રાખી ત્યારબાદ અમારા અસીલે વેચાણ રાખી ત્યારથી અમારા અસીલની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ છે. જે સંદર્ભે સદરહુ મિલકત પરત્વેનો દસ્તાવેજ નં.૩૮૭૩ તા.૧૧/૭/૧૯૮૫નો અમારા અસીલને તેના અગાઉના માલીક દ્વારા સુપ્રત કરવામાં આવેલ જે વેચાણ દસ્તાવેજ અમારા અસીલ ગુમ/ખોવાઈ ગયેલ હોઈ જાહેર જનતા જોગ આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદરહુ ખોવાયેલ દસ્તાવેજના આધારે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમ એ સદરહુ મિલકત પરત્વે અમારા અસીલની લેખિત સંમતિ સિવાય કોઈપણ વ્યવહાર કરવો કરાવવો નહી. અને જો કરવામાં આવશે તો રદબાતલ ગણાશે જેની નોંધ લેવી.

તા.૫/૧૨/૨૦૧૮
સ્થળ : આણંદ

અસીલની સુચના અને ફરમાઈશથી : **મુકેશ સી. જેઠવા (એડવોકેટ એન્ડ નોટરી)**
મુ.પો.આણંદ, ઠે.એકતા ચેમ્બર્સ, રેલવે ગોદી સામે, તા.જી.આણંદ. મો.નં. +૯૧ ૯૮૨૫૨ ૭૨૮૦૪

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી જી.બી.શાહ
કો.મુ.નં.૬૮૫/૨૦૧૫
મુદત તા. : ૩/૧૨/૨૦૧૮
ફરી મુદત ૨૮/૧/૨૦૧૯

આણંદના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.આણંદ

અરજદાર : બેન્ક ઓફ બરોડા, ગામડી શાખા, ધંધો બેંકીંગ
મુ.ગામડી, તા.જી.આણંદ

સામાવાળા :
(૧) યતીનકુમાર પંકજકુમાર મહેતા તે જાતે તથા
ગુજરનાર પંકજકુમાર જયંતિલાલ મહેતાના વારસ તરીકે
(૨) ગુજરનાર પંકજકુમાર જયંતિલાલ મહેતાના વારસ
વિરલકુમાર પંકજકુમાર મહેતા
બંને રહે.૨૭, કિષ્ના હાઉસીંગ સોસાયટી લી., કિશોર પ્લાઝા પાસે,
સ્ટેશન રોડ, આણંદ, તા.જી.આણંદ

વિષય : દાવો રૂા.૩,૦૫,૧૨૩/- ના આંકથી...

આથી આ જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, અમો વાદી બેંક રાષ્ટ્રીયકરણ પામેલી બેંકીંગનો વ્યવસાય કરતી સંસ્થા છીએ. જેની જુદી જુદી સંસ્થાઓ આવેલી છે તે પૈકી એક શાખા ના.કોર્ટની હુકુમતમા ગામ ગામડી, તા.જી.આણંદ મુકામે આવેલી છે. આ કામના પ્ર.વાદી નં.૧ તથા ગુજરનાર પંકજકુમાર જયંતિલાલ મહેતાને સંયુક્ત નામે એજ્યુકેશન લોનની જરૂર હતી જેથી આ કામના પ્રા.વાદીઓએ અમો વાદી બેંકમાં એજ્યુકેશન લોન મેળવવા માટે અરજી કરેલી લોન મેળવવા માટેની અરજીના સંદર્ભમાં અમો વાદી બેંકે અમારી વિરાણની શરતોને આધિન રહીને આ કામના પ્રા.વાદીઓને તા.૨૩/૯/૨૦૦૬ના રોજ રૂા.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા)ની એજ્યુકેશન લોન મંજુર કરેલી. વાદી બેંકની વિરાણની શરતો પ્રમાણે પ્રા.વાદીઓએ અમો વાદી બેંકને લોનની રકમ કોર્સ પુરો કર્યા બાદ તથા મેરેટોરીયમ પીરીયડ પુરો થયા બાદ ૬૦ માસમાં ભરપાઈ કરવાની હતી અને પ્રા.વાદીઓએ મજકુર લોનની રકમ ઉપર વાર્ષિક બી.પી.એલ.આર ૧૧.૫૦ ટકા લેખા માસીક વ્યાજ ચુકવવાનું હતું. જો પ્રા.વાદીઓ લોનની રકમ નિયત સમયમાં ભરપાઈ ન કરે તો ૨%નું વધારાનું દંડનીય વ્યાજ પ્રા.વાદીઓ અમો વાદી બેંકને કબુલ થયેલા છે. સદર વિરાણ ઉપર આર.બી.આઈની સુચના અનુસાર વખતો વખત બદલાતા વ્યાજના દર પ્રમાણે વ્યાજ ચુકવી આપવાની પ્રા.વાદીઓએ બાંહેધરી આપી છે તે મુજબ હાલ વિરાણ વ્યાજ દર ૧૩.૫૦% છે. આ કામના પ્રા.વાદી નં.૧ના પિતાશ્રી એટલે કે જોઈન્ટ બોરોવર પંકજકુમાર જયંતિલાલ મહેતા ગુજરી ગયેલા છે અને તેમના ધર્મપત્નિ મીનાબેન પંકજકુમાર મહેતા પણ ગુજરી ગયેલા છે. જોઈન્ટ બોરોવર પંકજકુમાર જયંતિલાલ મહેતાના બે વારસો છે જે પૈકી (અ) પ્રા.વાદી નં.૧ યતીનકુમાર જયતીલાલ મહેતા તથા (બ) પ્ર.વાદી નં.૨ વિરલકુમાર જયંતિલાલ મહેતા છે. પ્રા.વાદીઓને મજકુર લોનની રકમ નિયમીત ભરપાઈ કરી નહી જેથી તેઓએ વિરાણની શરતોનો ભંગ કરેલ છે. આમ આ કામના પ્રા.વાદીઓએ અમો વાદી બેંકમાં તેમની બાકી રકમ ચુકવીને તેમનું ખાતું ચુકતે કર્યુ નહી ત્યારથી ના.કોર્ટની હુકમતના મોજે ગામ ગામડીમાં ઉત્પન્ન થયું છે. આ દાવા સાથેના શીડ્યુલમાં જણાવ્યા મુજબ અમો વાદી બેંકની તા.૨૦/૭/૨૦૧૫ના રોજના વ્યાજ સહિતની બાકી નીકળતી રકમ રૂા.૩,૦૫,૧૨૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ પાંચ હજાર એકસો ત્રેવીસ પુરા) તથા દાવા તારીખથી વસુલ થતા સુધીમાં વાર્ષિક ૧૧.૫૦% તથા ૨% દંડનીય વ્યાજ તથા રીઝર્વ બેંકના વ્યાજના દરથી વ્યાજ તથા ખર્ચ સહિત આ કામના પ્રા.વાદીઓની હરેક જાત તથા મિલકતથી વસુલ કરી લઈએ તેવું હુકમનામું અમો વાદી બેંકની તરફેણમાં કરી આપવા દાદ માંગેલ છે.

આ બાબતે કોઈપણ ઈસમને લાગતા વળગતાને કોઈપણ પ્રકારનો વાંધો યા હિત સમાયેલ હોય તો તેમણે જાતે અગર માહિતગાર વકીલ મારફત અત્રેની કોર્ટમાં તા.૨૮/૧/૨૦૧૯ના રોજ ૧૦:૩૦ કલાકે અચુક હાજર રહેવું. જો નિર્દિષ્ટ તારીખે કોઈપણ શખ્સનો વાંધો નહિ આવે તો અરજદારને માંગ્યા મુજબની દાદ આપવા યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૩/૧૨/૨૦૧૮ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એસ.કે.પરમાર)	(આર.વી.પટેલ)	કોર્ટનો સિક્કો	(ટી.સી.સોની)
			રજીસ્ટ્રારશ્રી
			પ્રિન્સી.સીની.સી.કોર્ટ, આણંદ